# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-02-2026 Day: Sunday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-ભારત અમેરીકા વેપાર કરાર:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત અને અમેરિકા વચ્ચેના વચગાળાના વેપાર કરારના માળખાને સારા સમાચાર ગણાવ્યા છે. તેમણે બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવા માટે વ્યક્તિગત પ્રતિબદ્ધતા બદલ અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો આભાર માન્યો હતો.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે આ માળખું ભારત-અમેરિકા ભાગીદારી વિશ્વાસ અને ગતિશીલતાને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે તે ભારતના મહેનતુ ખેડૂતો, ઉદ્યોગસાહસિકો, સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો, સ્ટાર્ટઅપ ઇનોવેટર્સ, માછીમારો અને અન્ય લોકો માટે નવી તકો ખોલીને 'મેક ઇન ઇન્ડિયા'ને મજબૂત બનાવશે.

------------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-NCC એટ હોમ :

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, NCC એક ભારત, શ્રેષ્ઠ ભારતના મંત્રને ચરિતાર્થ કરે છે. સરહદી અને દરિયાઈ વિસ્તારમાં NCC કેડેટ્સની સંખ્યામાં થયેલો નોંધપાત્ર વધારો એ યુવાશક્તિની દેશભક્તિનું ઉદાહરણ છે. ગાંધીનગરમાં લોકભવન ખાતે રાષ્ટ્રીય છાત્રસેના – NCC ગુજરાતના એટહોમ કાર્યક્રમને સંબોધતાં શ્રી પટેલે કહ્યું, NCC દેશના યુવાનોને આત્મવિશ્વાસ, શિસ્ત, સંવેદનશીલતા અને રાષ્ટ્રપ્રથમના ભાવ સાથે સશક્ત બનાવનારું સંગઠન છે. NCC-માંથી શીખેલા મૂલ્યો કેડેટ્સને જીવનમાં માર્ગદર્શન પૂરું પાડશે તેવો વિશ્વાસ પણ શ્રી પટેલે વ્યક્ત કર્યો હતો.

---

## સેમિકન્ડક્ટરનું ઉત્પાદન:

ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ભારત તેના સેમિકન્ડક્ટર ઉત્પાદન ઇકોસિસ્ટમ વિકસાવવામાં નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યું છે. તેમણે ગઈકાલે બેંગલુરુમાં ક્વોલકોમ-નિર્મિત 2-નેનોમીટર સેમિકન્ડક્ટર ચિપનું અનાવરણ કર્યા પછી પત્રકારોને સંબોધતાં આ મુજબ જણાવ્યું હતું. શ્રી વૈષ્ણવે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારત કૃત્રિમ બુદ્ધિમત્તા અને સેમિકન્ડક્ટર ક્ષેત્રોમાં વૈશ્વિક સ્તરે તેની પ્રતિભા દર્શાવી શકશે.

---

## ભારત રણભૂમિ દર્શન:

ભારતીય સેનાની આર્ટિલરી રેજીમેન્ટની સ્થાપનાના 200 વર્ષ પૂર્ણ થવાના અવસરે પશ્ચિમ સરહદે યોજાયેલી “ભારત રણભૂમિ દર્શન” કાર રેલી નારાયણ સરોવર–કોટેશ્વર ખાતે પહોંચી હતી. દ્વારકા થી પ્રારંભ થયેલી આ કાર રેલી કુલ 3400 કિલોમીટરની યાત્રા પૂર્ણ કરીને દિલ્હી સ્થિત નેશનલ વોર મેમોરિયલ ખાતે સમાપન થવાની છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારતીય નૌકાદળ અને સીમા સુરક્ષા દળ દ્વારા આયોજિત આ અભિયાન દેશના વીર સૈનિકોના શૌર્ય અને બલિદાનને સમર્પિત છે. અભિયાનનો મુખ્ય હેતુ ઐતિહાસિક રણભૂમિઓની મુલાકાત લેવી, વિવિધ યુદ્ધ સ્મારકો પર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવી તેમજ ગ્રામજનો, વીર નારીઓ અને ભૂતપૂર્વ સૈનિકો સાથે સંવાદ કરી તેમની સેવાઓ બદલ આભાર વ્યક્ત કરવાનો છે.

---

## ટી-20 વિશ્વકપ:

મુંબઈના વાનખેડે સ્ટેડિયમ પર ટી 20 વિશ્વકપની પ્રથમ મેચમાં ભારતે અમેરિકાને 29 રને હરાવી વિજયી પ્રારંભ કર્યો છે.  ભારતે પ્રથમ દાવ લઈ નવ વિકેટે 161 રન કર્યાં હતા, જેમાં

સુકાની સૂર્યકુમાર યાદવે સૌથી વધુ 84 રન કર્યા હતા 162 રનના વિજયી લક્ષ્યાંકને સર કરવા મેદાને પડેલી અમેરિકાની ટીમ 8 વિકેટ ગુમાવી 132 રન કરતા 29 રને પરાજય થયો હતો. ભારતના સિરાઝે સૌથી વધુ 3 વિકેટ ઝડપી હતી. ટી-20ની આરંભિક મેચમાં પાકિસ્તાને નેધરલેન્ડને 3 વિકેટે જ્યારે બીજી મેચમાં વેસ્ટઈન્ડીઝની ટીમે સ્કોટલેન્ડને 35 રને હાર આપી હતી.

---------------------------------------------------------------------------------------------------

## લખપત તાલુકામાં માર્ગકામોનું લોકાર્પણ:

લખપત તાલુકામાં અમિયા-ઉગમશી ભાટી રોડ, શિણાપરથી માલડો રોડ તથા કનોજથી હાઈવે સુધીનો માર્ગને 375 લાખના ખર્ચે ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના હસ્તે ખાતમુહર્ત કરાયું હતું. આ પ્રસંગે શ્રી જાડેજાએ કહ્યું કે, છેવાડાના વિસ્તારમાં વિકાસને લગતી ખૂટતી કડીઓ સાથે જળ વિકાસના કામો સતત ચાલુ રહેશે. અબડાસા વિસ્તારના ત્રણ તાલુકામાં અનેક માર્ગોનું નવીનીકરણ હાથ ધરાયું છે અને હજુ પણ વિકાસના કામો ચાલુ રહેશે.

---------------------------------------------------------------------------------------------------

## SSIP-સેલ કચ્છ યુનિવર્સિટી:

ગુજરાત સરકાર દ્વારા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલીસી 2 અંતર્ગત જ્ઞાનના વિકાસ અને સામાજિક વિકાસમાં ફાળો આપતા નવીન પ્રોજેકટ્સને પ્રોત્સાહન આપવામાં માટે કચ્છ યુનિવર્સિટીના સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઇનોવેશન પોલીસી સેલ દ્વારા ધોરણ 9 થી 12 અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરતા અથવા કરી ગયેલા વિદ્યાર્થીઓ પાસેથી નવીન પ્રોજેકટ્સની દરખાસ્ત આગામી તારીખ 15મી ફેબ્રુઆરી સુધીમાં ssipkskv@gmail.com મેઈલ અડ્રેસ ઉપર મોકલી આપવા એક યાદીમાં જણાવાયુ છે.

---------------------------------------------------------------------------------------------------

# ભુજ નગરપાલિકા-વાહન લોકાર્પણ:

ભુજ નગરપાલિકા દ્વારા શહેરની સફાઈ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા પાણી પુરવઠા વિભાગમાં 15મા નાણા પંચ ગ્રાન્ટ અંતર્ગત સ્વચ્છતા અભિયાનને ગતિ આપવા રૂ. 34 લાખ 64 હજાર 750 રૂપિયાના ખર્ચે પાંચ કોમ્પેક્ટ મલ્ટીપર્પઝ વાહનો તેમજ રૂ. 15 લાખ 11 હજારના ખર્ચે બે ટ્રેક્ટરોનું લોકાર્પણ ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

---